# Sample Paper -2014
## CLASS : X
## Subject-Gujarati
**By Didar Hemani**

**TIME: 3 HOURS** **MAX. MARKS: 90**

***General Instructions :***

*(i) The question paper is divided in to four sections*

| | | |
|---|---|---|
| *Section : A :* | *Reading Comprehension* | *15 Marks* |
| *Section : B :* | *Writing* | *10 Marks* |
| *Section : C :* | *Grammar* | *20 Marks* |
| *Section : D :* | *Literature(Text Book)* | *45 Marks* |
| | | ***Total Marks 90*** |

*(ii) All questions are compulsory*

*(iii) Marks are indicated against each question*

**Section : A : Reading Comprehension(15 Marks)**

1. (અ) **નીચનો ગદ્યખંડ વાંચી તેની નીચે આપેલા પ્રશ્નોના જવાબનો વિકલ્પ શોધી સાચો જવાબ લખો.** 05

**સંતોનો સંગ પારસમણી સમાન છે. જેમ પારસમણીના સ્પર્શથી લોખંડ સોનું બની જાય છે તેમ સંતોના સંગથી સંસારી જીવોનાં જીવનમાં સુખદ પરિવર્તન આવે છે. સત્સંગથી સંસારી જીવો ઉપર ચડી ગયેલું દુનિયાની મોહમાયાનું આવરણ દૂર થઇ જાય છે. સત્સંગથી સંસારી જીવોના પાપતાપ ચાલ્યા જાય છે. સત્સંગનો જાદુ સંસારી જીવોના જીવનને પવિત્ર કરી નાખે છે. સત્સંગના એક મોટા ફાયદારૂપે સંસારી જીવોને સેવા મરણના સૂત્રો શીખવા મળે છે. સત્સંગથી સંસારી જીવોને પોતાનું જીવન સફળ કરવાની સડી જડી જાય છે. સંસારી જીવો સત્સંગના પ્રભાવથી દુનિયાની મોહમાયાથી વિમુકત બને છે.**

**પ્રશ્નો :**

**(૧)સંતોના સંગની સરખામણી કોની સાથે કરવામાં આવી છે ?**

**(અ)પાણી**

**(બ)ચાંદી**

**(ક)પારસમણી**

**(૨)સંતોના સંગથી સંસારી જીવોનાં જીવનમાં કેવું પરિવર્તન આવે છે ?**

**(અ)દુ:ખદ**

(બ)સુખદ
(ક)મામુલી

(૩)શેનાથી સંસારી જીવો ઉપર ચડી ગયેલું દુનિયાની મોહમાયાનું આવરણ દૂર થઇ જાય છે?

(અ)સત્સંગથી
(બ)વૈરાગથી
(ક)પૈસાથી

(૪)સત્સંગના એક મોટા ફાયદારૂપે સંસારી જીવોને શેના સૂત્રો શીખવા મળે છે ?

(અ)ગણીતના
(બ)સેવા મરણના
(ક)વિજ્ઞાનના

(૫)સત્સંગના પ્રભાવથી કોણ દુનિયાની મોહમાયાથી વિમુકત બને છે ?

(અ)સંસારી જીવો
(બ)ગુનેહગરો
(ક)કાવત્રાખોરો

(બ) નીચનો ગદ્યખંડ વાંચી તેની નીચે આપેલા પ્રશ્નોના જવાબનો વિકલ્પ શોધી સાચો જવાબ લખો. 05

રાતદિવસ ટાઢ–તડકોની ચિંતા કર્યા વગર લોહીનું પાણી કરતા મજૂરો મંદિરનું ચણતર કરે છે ત્યારે તેમને જ મંદિરમાં પ્રવેશવાનો અધિકાર નથી. સમાજની આવી પક્ષપાતી વૃતિ જોઇને કવિનું લોહી ઉકળી ઉઠે છે. સમાજની આવી વિરોધાભાસી વ્યવસ્થા કવિથી સહન થઇ શકતી નથી. તેથી પોતાનો આક્રોશ વ્યકત કરતા કવિ કહે છે કે પૂજારી તને પૂજાનો કે મંદિરમાં પ્રવેશવાનો અધિકાર નથી. તું અત્યારે જ પાછો ચાલ્યો જા. દંભ અને દેખાડો કરનારા લોકોની પૂજાથી દેવને મુંઝારો થાય છે. પ્રભુ દંભી લોકોની સ્વાર્થ ભરેલી પૂજાના મહોતાજ નથી એ તો હૃદયથી કરેલી સાચી ભકિતનો અને ભાવનાનો ભુખ્યો છે. આટલું કહીને કવિનો આક્રોશ શાંત થતો નથી. કવિ તો એમ કહે છે કે માત્ર અમુક લોકોને જ જયાં પ્રવેશવાનો અધિકાર હોય છે એવા મંદિરોની દિવાલો તોડી પાડવી જોઇએ. આવા લોકોના ધૂપ–ફૂલમાળા–પ્રસાદથી તો પવિત્ર દેવમૂર્તિઓ અભડાય જાય તેમ છે.

પ્રશ્નો :

(૧)મંદિરનું ચણતર કોણ કરે છે ?

(અ)સુથાર

(બ)કડીયા

(ક)મજૂરો

(ર)સમાજની પક્ષપાતી વૃતિ જોઇને કોનું લોહી ઉકળી ઉઠે છે ?

(અ)સમાજસેવકોનું

(બ)કવિનું

(ક)નેતાઓનું

(૩)કવિથી શું સહન થઈ શકતું નથી ?

(અ) સમાજની વિરોધાભાસી વ્યવસ્થા

(બ)દુઃખ

(ક)ટાઢ અને તડકો

(૪) કોની પૂજાથી દેવને મુંઝારો થાય છે ?

(અ)પ્રસાદ ચડાવીને પૂજા કરનારા લોકોની

(બ)ઉતાવળે પૂજા કરનાર લોકોની

(ક)દંભ અને દેખાડો કરનારા લોકોની

(૫)કેવા મંદિરોની દિવાલો તોડી પાડવી જોઇએ ?

(અ) માત્ર અમુક લોકોને જ જયાં પ્રવેશવાનો અધિકાર હોય

(બ)કોઈનેય પ્રવેશવાનો અધિકાર ન હોય

(ક)બધાને પ્રવેશવાનો અધિકાર હોય

(ક) નીચેની કવિતા વાંચી તેની નીચે આપેલા પ્રશ્નોના જવાબનો વિકલ્પ શોધી સાચો જવાબ લખો. 05

પ્રભુ ! મને પથ્થર ઘડજે રે, નથી મારે હીરલો થાવું રે,
હીરો બની મારે પેટીપટારે રૂંધી ન મરવું તેજ
પ્રભુ મને તેજ ન દેજે રે, પ્રભુ ! મને પથ્થર ઘડજે રે,
પથ્થર ઘડજે ને કયાંય પટકજે નદી સરોવર તીર,
મને સૌ પીડતું છોને રે, પ્રભુ ! મને પથ્થર ઘડજે રે,
હીરો બની કોઇ એક જ નર કે નારીનો થાઉ દાસ,

પથ્થર થઈ પૃથ્વીની સેવા રે, કરી મારે લ્હાવ લેવા રે.

તેજ હીરામાં ને ઝેર હૃદયમાં ગમતું મને ના એમ;

પ્રભુ ! મને પથ્થર ઘડજે રે, ઘડી મન ફાવે ત્યાં ધરજે રે.

પ્રશ્નો :

(૧)કવિ શું બનવાની ઈચ્છા ધરાવે છે ?

(અ)ધૂળ

(બ)માટી

(ક)પથ્થર

(૨)કવિને શું નથી થાવું ?

(અ)પહેલવાન

(બ)હીરલો

(ક)વીરલો

(૩)કવિ હીરો બને તો શેમાં રૂંધાઈને મરવુ પડે ?

(અ)પેટીપટારામાં

(બ)જેલમાં

(ક)કબાટમાં

(૪)પથ્થર ઘડાયા પછી કવિને કયાં પટકાવું છે ?

(અ)ધોબીઘાટ

(બ)નદી સરોવર તીર

(ક)કુવામાં

(૫)પથ્થર થઈને કવિને કોની સેવા કરવી છે ?

(અ)દેશની

(બ)માબાપની

(ક)પૃથ્વીની

પ્રશ્નો :

(૧)કવિ શું બનવાની ઈચ્છા ધરાવે છે ?

(અ)ધૂળ

(બ)માટી

(ક)પથ્થર

(૨)કવિને શું નથી થાવું ?

(અ)પહેલવાન

(બ)હીરલો

(ક)વીરલો

(૩)કવિ હીરો બને તો શેમાં રૂંધાઈને મરવુ પડે ?

(અ)પેટીપટારામાં

(બ)જેલમાં

(ક)કબાટમાં

(૪)પથ્થર ઘડાયા પછી કવિને કયાં પટકાવું છે ?

(અ)ધોબીઘાટ

(બ)નદી સરોવર તીર

(ક)કુવામાં

(૫)પથ્થર થઈને કવિને કોની સેવા કરવી છે ?

(અ)દેશની

(બ)માબાપની

(ક)પૃથ્વીની

## Section : B : Writing (10 Marks)

2. (અ) નીચેનામાંથી કોઈ પણ એક વિષે આશરે ૧૦૦ શબ્દોમાં એક પરિચ્છેદ લખો. 05

(૧) વૃક્ષોનુ જતન

(૨) ગરીબી હટાવો ગરીબોને નહિ

(૩) વર્ષાઋતુ

(૪) મારો શોખ

(બ) તમારી શાળામાં યોજાએલ શૈક્ષણિક પ્રદર્શની જાણકારી આપતો પત્ર તમારા મિત્રને લખો. 05

## Section : C : Grammar (20 Marks)

3. (અ) કૌંસમાં માગ્યા પ્રમાણે જબાબ લખો. 03

(૧) આ કામ **<u>તારાથી</u>** કરાતું નથી ?( રેખાંકિત અનુગને સ્થાને નામયોગીઓ વાપરી વાકય ફરીથી લખો)

(૨) તેમના મુખ ઉપર હાસ્ય રેલાતું.( નામયોગી શોધો)

(૩) છોકરાઓ ધાબા ઉપર ચડયા(નામયોગી શોધો)

(બ) વચન બદલો 03

(૧) રૂમમાં એક મોટું બારણું હશે.

(૨) એના ઓરડાની બારી બંધ હતી.

(૩) ચકી લાવી ચોખાનો દાણો, ચકો લાવ્યો દાળનો દાણો.

(ક) નીચેના રૂઢિપ્રયોગોના અર્થ લખી વાકયમાં પ્રયોગ કરો. 03

(૧) નાકલીટી ખેંચવી

(૨) ભોંઠા પડવું

(૩) ભવાં ચડી જવાં

(ડ) નીચેના વાકયો સુધારીને લખો. 03

(૧) બિલાડી બાગ રમે છે.

(૨) છોકરાએ પુસ્તકને ફાડી નાંખી પછી નીચે ફેંકીને આવી.

(૩) આકાશમાંથી ઘનઘોર વાદળાં છવાયાં છે.

(ઇ) નીચેની કહેવતોના અર્થ સમજાવો. 03

(૧) કોલસાની દલાલીમાં હાથ કાળા.

(૨) એક સાંધીએ ત્યાં તેર તૂટે :

(૩) સંતોષી નર સદા સુખી.

(ઈ) કૌંસમાં માગ્યા પ્રમાણે જબાબ લખો. 03

(૧) વિદ્યાલય (સંધિ છોડો)

(૨) રજની + ઈશ (સંધિ કરો)

(૩) ઉપ + ઇન્દ્ર (સંધિ કરો)

(ઉ) નીચેના શબ્દસમૂહ માટે એક શબ્દ લખો : 02

(૧) સિદ્ધિઓ મેળવી હોય તેવો યોગી

(૨) નદીનાળામાં નવાં પાણીનું જોસબંધ આવવું તે

**Section : D : Literature Text Book (45 Marks)**

4. (અ) તમારા પાઠયપુસ્તકમાંથી લેવાયેલો નીચેનો ગદ્યખંડ વાંચી તેની નીચે આપેલા પ્રશ્નોના જવાબ લખો. 05

એક દિવસ રાજા અને રાણી ઝરૂખાંમાં બેઠાં હતાં. ત્યાં પાસેથી કોઇનું હૈયાફાટ રડવું સંભળાયું. એમણે જોયું તો રાજકુમારે તરછોડેલી રાણી જ રડતી હતી. રાજા એને સમજાવીને છાની રાખવા ગયા ત્યાં એ જીભ કરડીને મરી ગઇ. રાજારાણી આથી બહુ ઉદાસ થઇ ગયાં આથી એમનાથી બોલાઈ ગયું : "આના કરતાં તો જુવાની નહિ હોય તે સારું." ને તરત જ પેલા સિદ્ધપુરુષના કહેવા પ્રમાણે થયું. ચિરાયુંના રેશમી વસ્ત્રમાં કાણું પડયું, ને કાણું પડતાંની સાથે જ રાજકુમાર એકાએક ફેરવાઈ ગયો. એના શરીર પરની ચામડી ઝૂલી પડી, એને શરીરે પરુ દૂઝતાં ઘારાં ઊભરાઈ ઊઠયાં. એને જોઇને લોકો મોં ફેરવી લઇને નાસવા લાગ્યાં. ચિરાયુ તો પડતો આથડતો રાજારાણી પાસે આવ્યો ને કરગરી પડયો : "મને બચાવો."

પ્રશ્નો :

(૧) આ ગદ્યખંડ કયા પાઠમાંથી લેવામાં આવ્યો છે અને તેના લેખક કોણ છે ?

(૨) રાજા અને રાણી કયાં બેઠા હતાં ?

(૩) કોણ હૈયાફાટ રડી રહ્યુ હતું ?

(૪) રાજારાણીથી શું બોલાઇ ગયું ?

(૫) કાણું પડતાંની સાથે જ રાજકુમારના શરીરની શી હાલત થઇ ?

(બ) નીચેના વિધાનો માટે કારણો આપો.(કોઈ પણ બે) 04

(૧) ગાંધીજીને દેશગમન જરૂરી લાગ્યુંકારણ કે...

(૨) એકવાર રમણ આકુળવ્યાકુળ થઇ ગયો કારણ કે...

(૩) મનુભાઇ પંચોળી માટે ‘દક્ષિણામૂર્તિ’ વિશ્વવિદ્યાલય બની ગયું કારણ કે...

(૪) પરવાળાનો પથ્થર ધન્ય થયો કારણ કે...

(ક) માત્ર એક વાકયમાં જવાબ લખો.(કોઈ પણ પાંચ) 05

(૧) ‘દેશગમન’ પાઠના લેખક કોણ છે ?

(૨) ‘આભલાનો ટુકડો’ પાઠનો પ્રકાર જણાવો ?

(૩) "પણ નાનાભાઈ, આપણે તો સજામાં માનતા નથી. આવી સજા થાય ?" ઉકિત કોણ બોલે છે ?

(૪) ‘કસ્તૂરબા’ કયા પાઠનું પાત્ર છે ?

(૫) પ્રભાશંકરના મોટા દીકરાનું નામ લખો.

(૬) 'પંચપટરાણીની સેવામાં ઘરકામ' પાઠના લેખક પરવાળાનો પથ્થર કયાંથી લાવ્યા હતાં ?

5. (અ) ટૂંકમાં જવાબ લખો.(કોઈ પણ બે) 06

(૧) ગાંધીજીને કયા કયા પ્રકારની ભેટો મળી હતી અને તેનું તેમણે શું કર્યુ ?

(૨) રમણને હાથપગ ધોવા માટે કયો નવો તુક્કો સૂઝયો ? કેમ ?

(૩) નાનાભાઈની પંડિતાઈનું અભિમાન કેવી રીતે ઓગળી ગયું ?

(૪) તાંબાનો કૂંજો ઝળહળતો કરવા લેખકે શું કર્યુ ?

(બ) મુદ્દાસર જવાબ લખો.(કોઈ પણ એક) 04

(૧) પ્રભાશંકરને યાદ આવતા, પાર્વતી સાથેના એકાદ પ્રસંગનું વર્ણન કરો.

(૨) એરિયલના થાંભલા જોઈને રમણને શી લાગણી થઈ ?

6. (અ) નીચે આપેલી કાવ્યપંકિતઓ વાંચીને પૂછેલા પ્રશ્નોના જવાબ લખો. 05

મન મેલાં તન ઉજળા, બગલા કપટી અંગ;
એથી તો કાગા ભલા, (એના) તન મન એક જ રંગ.

પ્રશ્નો :

૧. બગલાનું તન કેવું હોય છે ? તેનું મન કેવું હોય છે ?

૨. બગલા કરતાં કાગડો કેમ સારો ?

એ લોકો પ્હેલા ધાન્યના કોથળા ભરી સીવી રાખે છે,
પછી જયારે માણસ સડી જાય ત્યારે કિલો કિલો વેચે છે.

પ્રશ્નો :

૩. આ કાવ્યપંકિત કયા કાવ્યમાંથી લેવામાં આવી છે અને તેના કવિ કોણ છે ?

૪. 'એ લોકો' શબ્દપ્રયોગ કવિએ કોના માટે કર્યો છે ?

૫. એ લોકો કિલો કિલો અનાજ વેચવા કયારે કાઢે છે ?

(બ) નીચે આપેલી કાવ્યપંકિતઓ સમજાવો. 04

(૧) લહર વમળને કહે, વમળ એ વાત સ્મરે સ્પંદનમાં

માધવ કયાંય નથી મધુવનમાં,

કોઈ ન માગે દાણ

કોઈની આણ ન વાટે ફરતી

હવે કોઈ લજ્જાથી હસતાં

રાવ કદી કયાં કરતી !

(૨) મળ્યા તુજ સમીપ અગ્નિ ! તુજ પાસ જૂદાં થિંયેં,

કહે, અધિક ભવ્ય મંગલ નથી શું એ સુંદરી ?

7. (અ) બેત્રણ વાકયમાં જવાબ લખો.(કોઈ પણ ત્રણ) 06

(૧) કવિ મૃત પત્નીને કઈ કઈ સામગ્રી ધરવાનું કહે છે ? શા માટે ?

(૨) કવિ ફૂલ બની ફળતા જવાનું કેમ ઈચ્છે છે ? શા માટે ?

(૩) પ્રથમ દુહામાં કાજળ અને મોતીના દ્દષ્ટાંત દ્વારા શું સૂચવાયું છે ?

(૪) કવિને 'એ લોકો' પ્રત્યે આક્રોશ શા માટે છે ?

(બ) નીચેના પ્રશ્નોના એક એક વાકયમાં જવાબ લખો.(કોઈ પણ છ) 06

(૧) કવિ આંખોને સંબોધીને શું કહે છે ?

(૨) કદંબડાળી કોને શું પૂછે છે ?

(૩) કવિ મૌનનું ગાણું ભૂલીને શું માણવાનું કહે છે ?

(૪) 'એ લોકો' કાવ્યના કવિને શું થવું છે ?

(૫) પલને શેની શેની અસર થતી નથી ?

(૬) 'છેલ્લું દર્શન' કાવ્યના કવિ મૃત્યની ઘટનાને કેવી ઘટના તરીકે નિરૂપણ કરે છે ?

(૭) વૃંદાવન અને કુરુક્ષેત્રનો ઉલ્લેખ કયા કાવ્યમાં આવે છે ?

........સમાપ્ત...........

*નોંધ : (૧) વિદ્યાર્થીઓ અને શિક્ષકો તરફથી પૂછપરછ અને સૂચનો આવકાર્ય.*

*(૨) એક અન્ય સેમ્પલ પેપર અને સેકસન 'સી'(વ્યાકરણ વિભાગ) માટેના નમુનાના પ્રશ્નો(જવાબ સાથે ) આ જ વેબ સાઈટ ઉપર અલગથી મુકવામાં આવ્યા છે.*

***–દિદાર હેમાણી***

*Contact : 09975 11297 Email IDs : hemanideedar3@gmail.com deedardilwala@yahoo.com*